ચોર્યાસી તાલુકાનું શિક્ષણ

સામાન્ય વર્ણન.

તાલુકાનુ નામ શાથી પડયું ?

(૮૪) ગામ હતા તેથી.

સીમા—ઉત્તરે ઓરપાડ તાલુકાનો દક્ષિણ ભાગ, દક્ષિણે મિંઢોળા નદી તથા ગાયકવાડી મરોલી તાલુકો. પૂર્વે ગાયકવાડી કામરેજ ને પલસાણા તાલુકો પશ્ચિમે અરબી સમુદ્ર

વિસ્તાર—લંબાઈ સત્તર માઈલ છે ને પહોળાઈ સોળ માઈલ છે

કુદરતની ખુબી—તાપીને મિંઢોળા એ બે નદી વહેતી હોવાથી તેની આજુબાજુનો ભાગ રમણીક ઝાડપાનવાળો છે પશ્ચિમ તરફનો ભાગ ઝાડપાન વગરનો રેતાળ અને ખારવાળો છે પૂર્વને મધ્યભાગની જમીન કાળી છે કાકરાખાડીમાથી તથા મિંઢોળા નદીના કીનારાપરથી મડીઆ કાકરા મળી આવે છે

નદીઓ—તાપી મિંઢોળા, તેમા તાપી મોટી છે તે સાતપુડા પર્વતમાથી નીકળી ઉત્તર દિશામા વહી દક્ષિણ દિશામા આવી પશ્ચિમે

અરબી સમુદ્રને મળે છે મિંઢોળા ગાયકવાડી રાજમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે.

તાપીને કાંઠે—વરાછા, ઉતરાણ, અમરોલી, ફુલપાડા, વરિઆવ, રાદેર, સુરત, ઉમરા, અડાજણ અઠવા, વગેરે છે

મિંઢોળા કાંઠે—સામરોદ, ગેકબપાર્ડી, કછોલી, લાજપોરને ઉબેર છે.

ખાડી—નાનીખાડી, ચારખાડીને કાંકરાખાડી છે, તેમાં નાનીખાડી તાપીનદીમાં રેલનું જોર ઓછું કરવા માટે ખોદાવી છે, એ વરાછા ટાંકી આગળથી શરૂ થઇ કાંકરાખાડી સાથે જોડાઇ જાય છે, ચાર ખાડી ગાયકવાડી બલેશ્વર પરગણામાંથી શરૂ થઇ મિંઢોળા સાથે જોડાઇ જાય છે કાંકરાખાડી મોતાથી શરૂ થઇ મિંઢોળા સાથે જોડાઇ જાય છે

હવા—આખા તાલુકાની હવા સામાન્ય રીતે સારી છે, પશ્ચિમ ભાગની હવા ખારવાળી છે, તેથી લોકો હવાખાવા એ ભાગમાંના ગામોમાં જાય છે પશ્ચિમ ભાગપર દરિયો નજીક હોવાથી તાપ વધુ પડતો નથી પણ પૂર્વ ભાગમાં તાપ વધુ પડે છે

વનસ્પતિ—કતારગામ, ભાઠા, અડાજણ, પાલ, છાપરા એ ગામોમાં શાકભાજી પુષ્કળ થાય છે, પુણા કુંભારીઆ, સારોલી, વરાછા, એ ગામોમાં કંદમુળ પુષ્કળ થાય છે. વેસુ, ખજોદ, સીંગણપોર, આઠવા, બુડીઆ, અમરોલી એ ગામોમાં તાડ પુષ્કળ છે સામાન્ય રીતે લીમડા, પીંપળા, વડ, બાવળ, આમલી વગેરે ઝાડો બધા ગામોમાં હોય છે,

જાનવરી પેદાસ—પશુઓમાં શિયાળ, કુતરા, બિલાડાં, ગાય, બકરા, ઘેટા, ભેંસ, ગધેડા વગેરે પ્રાણીઓ બધા ગામમાં જોવામાં આવે છે.

ધર્મ—શીવમાર્ગી, વિષ્ણુમાર્ગી, આર્યસમાજી, એ હીંદુઓના ધર્મો છે મુસલમાન પીરને માને છે. પારસી આતસને પુજે છે. ઢેડા હરીબાવાને માને છે. હીંદુઓને બાળવામા આવે છે. મુસલમાનને દાટે છે પારસીઓને દાટતા નથી, તેમજ બળાતા પણ નથી, ભંગીઓ દાટે છે તથા બાળે પણ છે

વસ્તી—હીંદુ, પારસી, મુસલમાન તથા દેશી ખ્રીસ્તીની છે, પણ દેશી ખ્રીસ્તીની વસ્તી જુજ છે મોટો ભાગ હીંદુને મુસલમાનનો છે

ભાષા—સામાન્ય રીતે ગુજરાતી છે, મુસલમાનો ઉર્દુ બોલે છે

ધંધો—ગામડામા મુખ્ય ધંધો ખેતીનો છે, શહેરને કસ્બામા દુકાનદારી, નોકરી, વણાટકામને શીવણકામ વગેરેના છે

નિકાસ અને આયાત—ગામોમાથી અનાજ, લાકડ, ઘી, દુધ, કપાસ, કઠોળ, શાકભાજી વગેરે શહેરને કસ્બામા જાય છે અને તેના બદલામા શહેરને કસ્બામાથી ઇમારતી લકડુ, લોખંડી સામાન, કાપડ, ઘાસલેટ, મરીમસાલો ને ખાંડ, વગેરે આવે છે

રસ્તા—પગ રસ્તે ગાડાઓમા માલ લાવ લઇ જા થાય છે ને મુસાફરી પણ થાય છે આ તાલુકામાથી બી.બી.એન્ડ સી.આઇ. રેલવે લાઇન પસાર થાય છે રેલ્વે સ્ટેશનની નજદીકના ગામોના લોકો રેલ્વે માર્ગે મુસાફરી કરે છે નદી કિનારાના ગામોના લોકો ચોમાસામા હોડીમા પણ આવ જા કરે છે

રાજ્ય રીતિ.

તાલુકાના અધિકારીઓ,

(૧) મામલતદાર (૨) ફોજદાર (૩) મુનસફ (૪) ઓવરશીયર (૫) ડાક્ટર (૬) આસિ-ડેપ્યુટી (૭) આબકારી ઈન્સપેક્ટર (૮) લોકલફંડ કલાર્ક (૯) પોષ્ટમાસ્તર (૧૦) રજીસ્ટ્રાર

મહેસુલી ખાતુ—આ ખાતાનો અધિકારી મામલતદાર છે તેનો અધિકાર તાલુકાના બધા ખાતા ઉપર સામાન્ય છે એમનુ મુખ્ય કામ મહેસુલ નક્કી કરવાનુ તથા ફોજદારી ગુન્હાનો ઇન્સાફ કરવાનુ છે તે ઉપ્રાત લોકલફંડનો વહિવટ કરવાનુ છે

પોલિસ ખાતું—આ ખાતાનો અધિકારી ફોજદાર છે તેનો અધિકાર આખા તાલુકાના ગામોના પોલિસપટેલ ઉપર છે તેમનુ કામ ફોજદારી ગુન્હા જેવા કે ચોરી, ધાડ, લૂટ, ખૂન વિગેરે ।। ગુન્હેગારોને પકડવાનુ છે ને માજીસ્ટ્રેટ (મામલતદાર) ને ત્યા કમિટ કરવાનુ છે.

ન્યાયખાતુ—જે તાલુકો મોટો હોય છે તેમા ન્યાયખાતાનો અધિકારી મુન્સફ છે. તે લેણુ દેણુ સબંધી દાવાઓ ચુકવે છે,

બાંધકામ ખાતુ—આ ખાતાનો ઉપરી ઓવરશીયર છે તે તાલુકાના સરકારી મકાનો ઉપર મરામત કરાવે છે તથા નવા રસ્તા, પુલો, વગેરે બાંધે છે,

દવાખાતુ—આ ખાતાનો ઉપરી આસીસ્ટંટ સરજન (ડોકટર) છે તે આખા તાલુકાની સુખાકારી ઉપર ધ્યાન આપે છે તથા દરદીઓને તપાસી દવા પણ આપે છેઃ ને શીતળા કાઢે છે.

કેળવણી ખાતુ—આ ખાતાનો ઉપરી અધિકારી આસી-ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર છે તે આખા તાલુકાની નિશાળો તપાસે છે, ને જોઇતા સુધારા કરે છે. નવી નિશાળો કાઢવી ને બંધ કરવી એ પણ એમના અભિપ્રાયથી થાય છે,

રજીસ્ટાર ખાતુ—આ ખાતાના ઉપરીને રજીસ્ટાર કહે છે તેઓનુ મુખ્ય કામ, જમીનને ઘરોના વેચાણુ, ગીરો, દસ્તાવેજ તથા વાલો અને ફારગતીઓ રજીષ્ટર કરવાનુ છે

પોસ્ટ ખાતુ—આ ખાતાના ઉપરીને પોસ્ટ માસ્તર કહે છે આ ખાતુ સંદેશા લઇ જવા લાવવાનુ, પૈસા સાચવવાનુ, પૈસા લાવ લઇ જા કરવાનુ, ને કીમતી વસ્તુઓ લઇ જવા લાવવાનુ કામ કરેછે, ને તાકીદના સંદેશા (તાર) પણ લાવ લઇ જા કરેછે

આબકારી ખાતું—આ ખાતાના ઉપરીને આબકારી ઇન્સ્પેકટર કહે છે, ને સરકારની પરવાનગી વગર ભાગ, ગાંજો, અફીણ, દારૂ વગેરે કેફી ચીજો વેચનારને પકડે છે પકવનારને પકડે છે ને માજીસ્ટ્રેટને ત્યા કમિટ કરે છે

લોકલ ફંડખાતુ—આ ખાતાનો વહિવટ તાલુકાના ચુંટી કઢાયલા મેમ્બરો કરે છે, તેના ઉપરી મામલતદાર સાહેબ છે, મહેસુલની રકમ પ્રમાણે રૂપીએ એક આનો લઇને આ ખાતુ ઉપજ કરે છે, ને તે ઉપજનો ઉપયોગ ગામોના રસ્તા, પુલો, નવી નિશાળો વગેરેમા કરે છે, આ મંડળને લોકલબોર્ડ કહે છે.

મોટાં ગામો.

અંગ્રેજ સરકારના ખાલસા ગામો—સુરત, રાંદેર, સીંગણપોર, વેડ, ડભોલી. કતારગામ, અમરોલી, ફુલપાડા, ઉતરાણ, અશ્વનીકુમાર, કાપદ્રા, વરાછલી, સણીઆ, કુંભારીઆ, ખજોદ, ખરવાસા, ઉમરા, અઠવા, અડાજણ, ભાઠા વગેરે

સુરત—એ તાપીનદીપર આવેલું શહેર સુરજ (સુરતા) નામની ગામજણીએ વસાવેલુ કહેવાય છે અગાઉ એમા મોગલો તરફથી નવાબ સાહેબના અમલ ચાલતો, એ નવાબો દીલ્હીના મોગલ બાદશાહના નામથી વહિવટ ચલાવતા ને પાછળથી સ્વતંત્ર થઇ પડયા ઇ૦ સ૦ ૧૮૦૦ મા એ નવાબના વંશજોને પેનસન આપવાનુ ઠરાવી અંગ્રેજ સરકારે પોતાના તાબામા લીધુ અગાઉ એ ચોર્યાસી બંદરનો વાવટો ગણાતુ એટલે ચોર્યાસી બંદરમા એ મુખ્ય હતું, અંગ્રેજી રાજ્યની જન્મભુમિ પણ એજ છે, કારણકે હીંદુસ્તાનમા અંગ્રેજ લોક વેપારને માટે પ્રથમ એજ બંદરે ઉતરેલા જાહોજલાલીના વખતમા એમા ૮--૧૦ લાખ માણસની વસ્તી હતી પણ પાછલથી રેલ અને આગે પરદેશી વેપારીઓને નાશીપાસ કરી સુરતથી કાઢી મુકયા એમા સ્ટેશન, ટાવર, હોસ્પિટાલો, સ્કુલો, બાગ, કોર્ટ, પોસ્ટ ઓફીસ, બંગલા, પુલ, ધર્મશાળા, હુન્નરશાળા, સુતરના કારખાના, ચોખાની મીલો, આઇસ ફેકટરીઓ, છાપખાના સોડાવાટરના કારખાના વગેરે જોવા લાયક જગા છે બજારો સારા મોગને

રોનકદાર દીસે છે. લોકો સામાન્ય રીતે સુઘડને ચંચળ છે ધંધો વણાટકામ, દુકાનદારી, નોકરી વગેરેનો છે તે ઉપરાત સુતાર, કુંભાર, લુહાર, સલાટ, ગોલા વગેરે ધંધાદારી પણ છે, લોકો સ્વભાવે ગરીબ, ભોળાને ઉદાર છે. વસ્તી હીંદુને મુસલમાનની વધારે છે, પારસીની વસ્તી ઓછી છે. દેશી ખ્રીસ્તીને યુરોપીઅનની વસ્તી જુજ છે જીલ્લાના મુખ્ય અધીકારીઓની કચેરીઓ પણ એમા છે વસ્તી ૧૧૭૬૦૦ માણસની છે.

પરાંના મુખ્ય ભાગ.

(મોટા કોટની અંદરનાને નાના કોટ બહારના.)

૧ બેગમપરૂ	રેલ્વે સ્ટેશનની નજદીક	પશ્ચિમે
૨ સલાબતપરૂ	ઝાંપાબજારની	દક્ષિણે
૩ નવુ પરૂ	બેગમપરાની	પશ્ચિમે
૪ ઇદરપરૂ	નવાપરાની	દક્ષિણે
૫ રૂસ્તમપરૂ	સગરામપરાની	પૂર્વે
૬ સગરામપરૂ	રૂસ્તમપરાની	પશ્ચિમે
૭ સામપરૂ	સગરામપરાની	પશ્ચિમે
૮ રૂદરપરૂ	સગરામપરાની	પશ્ચિમે
૯ રહેમતપરૂ	રૂદરપરાની	પશ્ચિમે

૧૦ ખડેરાવપરૂ	રહેમતપરાની	પશ્ચિમે
૧૧ નાનપરૂ	ખડેરાવપરાની	પશ્ચિમે
૧૨ ધાસ્તીપરૂ	સૈયદપરાની	ઉત્તરે
૧૩ સૈયદપરૂ	ધાસ્તીપરાની	દક્ષિણે
૧૪ રામપરૂ	ધાસ્તીપરાની	પૂર્વે
૧૫ રૂઘનાથપરૂ	રામપરાની	પૂર્વે
૧૬ હરીપરૂ	રૂઘનાથપરાની	દક્ષિણે
૧૭ મહીધરપરૂ	હરીપરાની	પૂર્વે
૧૮ હૈદરપરૂ	મહીધરપરાની	પૂર્વે
૧૯ મનચરપરૂ	હૈદરપરાની	દક્ષિણે
૨૦ ગોપીપરૂ	આ પરૂ નથી પણ શહેરનો વચલો ભાગ છે.	

ભાગળ (દરવાજા)

લાલ દરવાજો, દીલ્લી દરવાજો, સરાહનો દરવાજો, સલાબતપરાનો દરવાજો, માનનો દરવાજો, નવસારી દરવાજો, જાફરઅલી દરવાજો, મજુરા દરવાજો, અઠવાનો દરવાજો, વરીઆવી દરવાજો, કતારગામનો દરવાજો, ફાટકનો દરવાજો.

શહેરના મુખ્ય ભાગ.

કણપીઠ, રહીઆ સોનીનો ચકલો, વાડીફળીયુ, મધડીઆવાડ, ગોપીપરૂ, ખપાટીઆ ચકલો, કેળાપીઠ, ભાગાતળાવ, બડેખાનો

ચકલો, અસુર બેગનો ચકલો, ચોકબજાર, મુલ્લાનો ચકલો, માછલીપીઠ, રાણીતળાવ

રાંદેર—એ સુરત વસ્યા પહેલાં શહેર હતુ, પણ તે હાલ ચોર્યાસી તાલુકાનો કસ્બો ગણાય છે, એ તાપીને કિનારે આવેલુ છે. વસ્તી સાડાબારહજાર માણસની છે. (૧૨૫૦૯) મ્યુનિસિપાલીટી છે એમા ગુજરાતી તથા ઉરદુ સ્કુલ, ટપાલને તારઓફીસ તથા હોસ્પીતાલ છે, વસ્તી હોરાની મુખ્ય છે ને તે સુન્ની છે, તેઓ પરદેશ જઇ પુષ્કળ પૈસા મેળવી લાવે છે એ હોરાઓ સખી દીલના છે, તેમાના એક ગૃહસ્થે મોટી રકમ ખર્ચી આખા કસ્બાને પાણી પુરૂં પાડયુ છે. આ કસ્બામા પાણીના નળ છે બીજા એક સખી ગૃહસ્થે હોસ્પીતાલ બધાવી આપી છે, કપાસ પીલવાનુ જીન પણ છે,

અઠવા—એમા સરકારી ફાર્મ, ઝવેરીના બગલા ને દેરૂ છે

ઉમરા—એમાં રામનાથ ઘેલાનુ દહેરૂ અને હીદુની શમશાન ભુમી છે, વસ્તી કોળી, ખારવા ને ઢેડની છે એ સિવાય ખજોદ તલગપોર, ખરવાસા, કુભારીઆ, સણીઆ, વરાછલી, કાપદ્રા, અમરોલી, ઉતરાણ, અશ્વનીકુમાર, ફુલપડા, કતારગામ, સીગણપોર, ડભોલી, વેડ, અડાજણ, ભાઠા, એ ગામોમા સ્કુલે છે. ખરવાસા, કુભારીઆ, સણીઆ, વેડ, ડભોલી, અશ્વનીકુમાર, ઉત્રાણ, કાપદ્રા એમા પોષ્ટઓફીસ નથી કતારગામ, અશ્વનીકુમાર, ફુલપડા એ પવીત્ર જગ્યાઓ છે, એમા કતારગામમા શ્રાવણ માસના દર સોમવારે મેળો ભરાય છે, ભાઠા, સીગણપોર ને

અડાજણમા પારસીની વસ્તી છે. બાકીના ગામોમા હીદુની વસ્તી વધારે છે

ગામના અધિકારીઓ.

(૧) મુલ્કી પટેલ, (૨) પોલિસ પટેલ, (૩) તલાટી, (૪) સ્કુલ માસ્તર, (૫) ગામ પચ,

મુલ્કી પટેલ—એ ગામનો મુખ્ય અધિકારી છે, એનો અધિકાર ગામના સઘળા અધિકારીપર છે. ગામ પચનો અગ્રેસર છે

પોલિસ પટેલ—ગામમા બનતા ગુન્હાપર દેખરેખ રાખે છે, અને પોલિસ ખાતાના કામમા મદદ કરે છે

તલાટી—મામલતદારના તાબાનો ગામનો અધિકારી છે મહેસુલ વસુલ કરે છે, પાકનો રિપોર્ટ કરે છે, જમીનની હદ ને તગાવી નક્કી કરે છે

સ્કુલ માસ્તર—(મહેતાજી) ગામના છોકરાઓને ભણાવે છે, ને તેને સુધારવાને યત્ન કરે છે, ગામડામા પોષ્ટ માસ્તરનુ કામ પણ કરે છે

ગામ પંચ—ગામના ચુટી કાઢેલા લોકોનુ મડળ છે, તે ગામમાના દરેક સુધારાનુ કામ કરે છે, ને તે ઉપ્રાત તકરારી બાબતોનો નિકાલ પણ કરે છ એમા ઉપલા પાચ અધિકારીઓ પણ હોય છે.

ઈનામી ગામો.

(અંગ્રેજ સરકારને ખંડણી ભરનારા ગામો.)

(૧) મોટા વરાછા, (૨) વાઝ, (૩) ડિંડોલી, (૪) ભેસ્તાન, (૫) સોનારી, (૬) દેલાડવા, (૭)ભણેદરા, (૮) ઉબેર, (૯) પુના, (૧૦) વેસુ, (૧૧) આભવા, (૧૨) સણીઆમોદ, એમા મોટા વરાછા પાઠેકજી ના વશજો પાસે છે ગામ બાગાયતી છે તેમા સ્કુલ, મદ્રેસા, પોષ્ટ ઓફીસ છે વસ્તી મુસલમાનની છે, વાઝ અને ડિંડોલી, ગંગાધર શાસ્ત્રીના વશજો પાસે છે, એમા પણ સ્કુલને પોષ્ટ ઓફીસ છે હીદુની વસ્તી સારી છે, ભેસ્તાનને સોનારી સ્ટોરના વારસો પાસે છે, એમા સ્કુલ છે, વસ્તી હીદુની સારી છે, દેલાડવા, ભણેદરા, ઉબેર એ અરદેશર કોટવાલના વશજો પાસે છે, એમા દેલાડવામા સ્કુલને પોષ્ટ ઓફીસ છે ને ત્યા ઉચ્ચ હીદુની વસ્તી સારી છે, બાકી ભણેદરાને ઉબેરમા હીદુ ઉપરાંત મુસલમાનની વસ્તી પણ છે ભણોદરામા સ્કુલ છે, પુના, વેસુ, આભવા, સણીઆમોદ, એ વડોદરાના નાનાગના વશજોના તાબામા છે, તેમા આભવાને વેસુમા સ્કુલને પોષ્ટ ઓફીસ છે, વેસુમા પારસીની વસ્તી છે, બાકી પુના, આભવાને સણીઆમોદમા હીદુની છે

ગાયકવાડ સરકારના ગામો.

ઉંઆલ, કરડવા, ગેજા, ગભેણી વગેરે છે

સચીનના નવાબ સાહેબના ગામો.

(૧) સચીન, (૨) ઘોડદરા, (૩) ઉધના, (૪) ડુમસ, (૫) ભીમપોર, (૬) વકથાણા, (૭) ભાટીઆ, (૮) બોણુદ, (૯) કનસાડ, (૧૦) ડંકન વાડા, (૧૧) સારોટી, (૧૨) સારોલી, (૧૩) સરસાણા, (૧૪) લાછપુર, (૧૫) ભિન, (૧૬) તરાજ, તેમાં ઉપલા પાચ ગામો મોટા છે, સચીન નવાબની રજધાનીનુ સ્થળ છે, એમા રાજકચેરી, ગુજરાતી અંગ્રેજી સ્કુલ. હોસ્પિટાલ, કન્યાશાળા, ધર્મશાળાને રાજમહેલ જોવા લાયક છે, ઇદમા સ્વારી નીકળે છે મુસલમાનની વસ્તી સારી છે, હીદુ-ઓમા પણુ રજપુતની વસ્તી સારી છે ઘોડદરા આ ગામના અસપાળના દેરાની માનતા હડખાયાને માટે તથા સર્પડસને માટે રખાય છે, વસ્તી હીદુની છે, સ્કુલ પણ એમા છે, ઉધના આ ગામમા ભીડભજન મહાદેવ છે, ત્યા માગસર માસના દર સોમવારે મેળો ભરાય છે, માનતા પણુ સારી ચલે છે, વસ્તી ઊંચ વરણના હીદુની વધુ છે ડુમસ એને દુર્ાસા ક્ષેત્ર કહે છે, અહીના હવાપાણી સારા હોયાથી સુરતના શ્રીમતોના બગલા તથા નવાબ સાહેબના બગલા જોવા લાયક છે એ સુરતથી મોટી સડકે પશ્ચિમે જતા દશ માઇલપર આવે છે અહીઆ સ્કુલ પોષ્ટને તારઓફીસ છે, નાનો સરખો બજાર પણ છે, બગલાઓમા વસ્તી ઊંચ વરણના હીદુ તથા પારસીની છે, ગામમા વસ્તી માછીને ખારવાની મુખ્ય છે